A low angry growl=ગુસ્સાવાળું ધીમું ઘુરકીયું.

A low angry...his danger ગુસ્સાવાળા ધીમા ઘુરકીયાથી પોતે ભયમાં છે એમ તેને જણાયું.

The tiger had tasted blood=વાઘે લોહી ચાખ્યુ હતું.

He was no longer tame =તે હવે પાળેલો વાઘ–પાળેલા વાઘ જેવો–રહ્યો નહિ.

It wanted=તેને જોઇતું હતું.

He quietly drew a pistol from under the pillow=ઓશીકા તળેથી તેણે શાંતપણે પીસ્તોલ ખેંચી.

He shot the animal dead (હિ શૉટ ધિ ઍનિમલ ડેડ) તેણે તે પ્રાણીને ગોળી મારી મારી નાખ્યું.

Light tawny brown (લાઇટ ટૉનિ બ્રાઉન) ઝાંખો પીળચટો બદામી રંગનો.

Stripes (સ્ટ્રાઇપ્સ) ચટાપટા.

Bars (બાર્સ) સળીયા; આડી.

Nearly (નિઅર્લિ) લગભગ.

Round the body (રાઉન્ડ ધ બૉડિ) શરીરની આસપાસ.

These stripes form rings =આ ચટાપટાઓ વીંટી આકારના હોય છે.

To form (ટુ ફૉર્મ) બનાવવું.

The under parts of the body=શરીરના અંદરના ભાગો.

Inner (ઇનર) અંદરની.

Sides (સાઇડ્ઝ) બાજુઓ.

Almost (ઑલમોસ્ટ) ઘણુંખરું; લગભગ.

Mane (મેઇન) કેશવાળી.

A tiger has no mane= વાઘને કેશવાળી હોતી નથી.

Its body is...so thick= તેનું શરીર સિંહના શરીર જેટલું છેક ઉંચું હોતું નથી, અને તેટલું જાડું હોતું નથી.

Shorter=વધારે ટુંકું.

Rounded (રાઉન્ડેડ) ગોળ; ગોળાકારનું.

Than that of the lion= સિંહના માથા કરતાં.

કવિતાઓ.

(૧)

Poems (પોએમ્સ) કવિતાઓ.

Birdie (બર્ડિ) નાનું પક્ષી–'bird' શબ્દનું નાનો અર્થ બતાવનારૂં રૂપ.

At peep of day (પીપ) દિવસ ડોકીયું કરે ત્યારે; પરોઢિયું થાય ત્યારે.

Let me fly=મને ઉડવા દો; મને ઉડવાની રજા આપો.

Rest a little longer=થોડો વધારે વખત આરામ લે.

Till the little wings are stronger=જ્યાં સુધી નાની પાંખો મજબુત થાય ત્યાં સુધી.

Baby (બેબિ) બાળક.

Let me rise=મને ઉઠવા દો.

Baby, sleep a little longer=હે બાળક, થોડી વધારેવાર ઉંઘ.

Limbs (લિમ્બ્ઝ) શરીરના અવયવો.

Baby too shall fly away= બાળક પણ ખચિત ઉડી જશે.

---

(૨)

A song (એ સૉન્ગ) ગીત; ગાયન.

Fairies (ફેરિઝ) અપ્સરાઓ; સ્વર્ગની સ્ત્રીઓ; પરીઓ.

A fairy (એ ફેરિ) અપ્સરા; પરી.

By the moon=ચંદ્રમાની પાસે.

We sport (ઉીવ સ્પોર્ટ) અમે રમીએ છીએ.

With the night.....day= રાત પડે ત્યારે અમારો દિવસ શરૂ થાય છે.

To dance (ટુ ડૅન્સ) નાચવું.

As we dance=જ્યારે અમે નાચ કરીએ છીએ ત્યારે.

Dew (ડ્યુ) ઝાકળ.
Doth fall (ડથ ફૉલ) પડે છે.
To trip (ટુ ટ્રિપ) થન થન કુદવું; નાચવું.
Trip it, (we) little fairies all !=અમે બધી નાની અપ્સરાઓ નાચીએ કુદીએ છીએ !
Lightly (લાઇટ્લિ) ધીમેથી.
Winged (વિન્ગેડ) પાંખવાળા.
A bee (એ બી) ભમરો; મધમાખી.
Two by two=બબ્બેની હારમાં; બબ્બેના જોડકામાં.
Abcut we go=અમે આમતેમ જઇએ છીએ.
Lightly as the winged ...about go we=બબ્બે અને ત્રણ ત્રણના જોડકામાં પાંખવાળા ભમરાની માફક અમે ધીમેથી આમતેમ જઇએ છીએ, અને આમતેમ જઇએ-ફરીએ-છીએ.

---

(3)

Nation (નેશન) પ્રજા.
Strength (સ્ટ્રેન્ગ્થ) બળ; જોર.
A nation's strength= પ્રજાનું બળ.
Gold (ગોલ્ડ) સોનું.
A people (એ પીપલ) કોઇ પણ પ્રજા.
Not gold......great and strong=સોનું (દ્રવ્ય) નહિ, પરંતુ માણસોજ કોઇપણ પ્રજાને મહાન અને જોરાવર બનાવી શકે છે.
Truth (ટ્રુથ) સત્ય.
Honour (ઑનર) માન.
For truth and honour's sake (સેઇક) સત્ય અને (સ્વ) માનની ખાતર.
To suffer (ટુ સફર) સહન કરવું.
Long=લાંબા વખત સુધી.
Men who for truth...... suffer long=જે માણસો સત્ય અને સ્વમાનની ખાતર દૃઢતાથી મજબૂતપણે ઉભા રહે છે અને લાંબા વખત સુધી દુઃખો સહન કરે છે.
Brave (બ્રેઇવ) બહાદુર.
While others sleep=જ્યારે બીજાઓ ઉંઘે છે ત્યારે.
Who dare (હુ ડૅર) જેઓ હિંમત કરે છે-હામ ભીડે છે.
Pillars (પિલર્સ) થાંભલાઓ.

They build a nation's pillars deep=તેઓ કોઇપણ પ્રજાના થાંભલા ઉંડા બાંધે છે; તેઓ કોઇપણ પ્રજાને સંગીન પાયાપર મૂકે છે.

They lift them=તેઓ તેમને ઉંચકી જાય છે-ઉંચે લઇ જાયછે.

To the sky=આકાશ આગળ.

---

(૪)

Rain (રેઇન) વરસાદ.

Clouded (કલાઉડેડ) વાદળાવાળું.

A cloud (એ કલાઉડ) વાદળું.

Thirsty (થર્સ્ટિ) તરસ્યા.

Thirst (થર્સ્ટ) તરસ.

Parched (પાર્ચ્ડ) સેકાઇ ગએલી; ખૂબ તપી ગએલી.

Cisterns (સિસ્ટર્ન્સ) પાણીની ટાંકીઓ.

To grumble (ટુ ગ્રમ્બલ) બડબડવું; ફૂફડાટ કરવો.

Do you hear......saying =વરસાદ શું કહે છે તે તમે સાંભળો છો ?

As it falls......sky=જ્યારે તે વાદળાવાળા આકાશમાંથી પડે છે ત્યારે.

It sings a song=તે એક ગાયન ગાય છે.

It tells a tale (ઇટ ટેલ્સ એ ટેઇલ) તે એક વાર્તા કહે છે.

A tale=વાર્તા.

If you try=તમે યત્ન કરો તો.

I am bringing=હું લાવું છું.

Drops (ડ્રૉપ્સ) ટીપાં.

Earth (અર્થ) જમીન

For the earth......dry= જે જમીન સેકાઇ ગઇ છે ને સુકાઇ ગઇ છે તેને માટે.

I feed (ફીડ) હું ખવડાવું છું.

A river (રિવર) નદી.

A brook (બ્રુક) નાની નદી; વહેળિયું; નાળું.

A sea (સી) દરિયો.

Cloudy (કલાઉડિ) વાદળાંવાળું.

As I fly......sky=જ્યારે હું વાદળાવાળા આકાશમાંથી ઉડું છું ત્યારે.

I wash (આઇ વૉશ) હું ધોઇ નાખું છું.

Roads (રોડ્ઝ) રસ્તા.

Streets (સ્ટ્રીટ્સ) મહોલ્લા.

Quite clean (કવાઇટ કલીન) તદ્દન ચોખ્ખા.

I wash......quite clean= રસ્તાઓ અને મહોલ્લાઓ ધેઇને હું તદ્દન ચોખ્ખા કરું છું.

I fill (ફિલ) હું ભરું છું.

Tanks (ટૅન્કસ) તળાવો.

Too (ટુ) પણ.

Morning bath (મૉર્નિંગ બાથ) સવારનું સ્નાન; સવારમાં નહાવું તે

Quite well=તદ્દન સારીરીતે.

I have plenty to do (પ્લેન્ટિ) મને પુષ્કળ કામ કરવાનું છે.

When it rains=જ્યારે વરસાદ પડે છે ત્યારે.

When you can't(=cannot) go out=જ્યારે તમે બહાર જઇ શકતા નથી.

You start (યુ સ્ટાર્ટ) તમે શરૂ કરો છો.

Think (થિન્ક) વિચાર કરો.

The rain does good=વરસાદ ભલું કરે છે.

It only falls...you may drink=તે માત્ર એટલા માટે પડે છે કે ફૂલો અને તમે તે પીઓ.

---

(૫)

What for=શા માટે.

What I live for=હું શા માટે જીવું છું.

I live for those who love me=જેઓ મને ચાહે છે તેમને માટે હું જીવું છું.

Whose hearts (હુઝ હાર્ટ્સ) જેઓનાં અંતઃકરણ.

True (ટ્રુ) સાચા.

Heaven (હેવન) સ્વર્ગ.

For the heaven...above me=મારા ઉપર ઉંચે જે સ્વર્ગ હસે છે–ચકચકિત દેખાય છે–તેને માટે.

(That) awaits my spirit too=વળી જે મારા આત્માની રાહ જુએ છે.

To await (ટુ અવેઇટ) ને માટે રાહ જોવી.

Spirit (સ્પિરિટ) આત્મા.

Human (હ્યુમન) માણસ સંબંધી.

Ties (ટાઇઝ) બંધનો; ગાંઠો.

To bind (બાઇન્ડ) બાંધવું.

For all human ties that bind me=મનુષ્ય સાથેના જે સંબંધો મને બંધન કર્તા છે તે માટે.

Task (ટાસ્ક) સોંપેલું કામ.
Assigned (ઍસાઇન્ડ) સોંપેલું.
For the task assigned (to) me by God=ઇશ્વરે મારે માટે નક્કી કરેલા કામ માટે.
Hopes (હોપ્સ) આશાઓ.
Bright hopes=મોટી આશાઓ.
For the bright hopes left behind me=મારી પછવાડે મુકેલી મોટી આશાઓ માટે.
And (for) the good that I can do=અને જે ભલું હું કરી શકું તે માટે.
The good=કલ્યાણ; ભલું.

---

(૬)

I'll (=I will) try (આઇલ ટ્રાઇ) હું કોશિશ કરીશ.
Will climb (વિલ ક્લાઇમ) ચઢશે.
The hill top=ટેકરીની ટોચ.
The little boy...the hill top=જે નાનો છોકરો કહે છે કે "હું કોશિશ કરીશ" તે છોકરો ટેકરીની ટોચપર ચઢશે.
Bottom (બૉટમ) તળેટી; તળીયું.
Will stop (વિલ સ્ટૉપ) અટકશે.
The little boy...bottom stop=જે નાનો છોકરો કહે છે કે "હું કરી શકું નહિ" તે નાનો છોકરો તળેટીએ અટકી જશે.
Great things=મહાન ચીજો.
"I'll try"...every day="હું કોશિશ કરીશ" એવું કહેનાર હમેશાં મહાન કામો કરે છે.
Nothing (નથિંગ) કંઇ નહિ.
"I can't" gets nothing done="હું (કરી) શકીશ નહિ" એવું કહેનાર કંઇ કરાવતો—કરતો—નથી.
Be sure (બિ શ્યુર) ખાત્રી રાખો.
Alone (અલોન) એકલા.
Let "I can't" alone="હું (કરી) શકીશ નહિ" એ શબ્દોને એકલા રહેવા દો; "હું (કરી) શકીશ નહિ" એવા શબ્દો બોલો નહિ.

---

(૭)

God (ગૉડ) પરમેશ્વર.
Made (મેઇડ) બનાવ્યા.
To make (ટુ મેઇક) બનાવવું.
God made them all=ઇશ્વરે તેમને બધાને બનાવ્યા.

Wonderful (વન્ડરફુલ) નવાઇ પમાડે તેવી; આશ્ચર્યજનક.
Mountain (માઉન્ટિન) પર્વત.
Pleasant (પ્લેઝન્ટ) આનંદ આપે તેવા; ખુશકારક.
Creatures (ક્રીચર્સ) જીવો.
Wise(વાઇઝ)ડહાપણવાળી; ડાહી.
Each (ઇચ) દરેક.
Each little flower that opens=જે નાનું ફૂલ ઉઘડે છે–ખીલે છે–તે દરેક. [ચળકતા.
Glowing (ગ્લોઇંગ) ઝગઝગતા;
Colours (કલર્સ) રંગો.
Tiny (ટાઇનિ) નાની.
Purple (પર્પલ) જાંબુડો.
The purple-headed mountain=જાંબુડા રંગના શિખરવાળો પર્વત.
Running by=વહેતી.
The sunset (ધ સન્સેટ) સૂર્યાસ્ત
Lighteth (=lights)=[લાઇટેથ] સળગાવે છે; પ્રકાશિત બનાવે છે.
That lighteth up the sky=જે આકાશને અજવાળું આપે છે.
Tall (ટૉલ) ઉંચા.
Greenwood (ગ્રીનવુડ) જંગલ.
Summer (સમર) ઉનાળો.

The pleasant summer sun =આનંદ આપે તેવો ઉનાળાનો સૂર્ય.
Ripe (રાઇપ) પાકાં.
Fruits (ફ્રૂટ્સ) ફળો.
Garden (ગાર્ડન) બાગ; બગીચો.
Every one (એવરિ વન) દરેક જણ–ચીજ.
Gave (ગેઇવ) આપી.
Us (અસ) આપણને.
He gave us eyes to see them=તેમને જોવાને માટે તેણે .આપણને આંખ પામી.
Lips (લિપ્સ) હોઠો. [શક્તિમાન.
Almighty (ઑલમાઇટિ) સર્વ
We might tell=આપણે કહીએ.
Who hath (=has) made (હુ હૅથ મેઇડ) જેણે બનાવી છે.
And he gave us lips that......all things well =અને તેણે આપણને હોઠ આપ્યા કે જેથી સર્વ શક્તિમાન પ્રભુ જેણે બધી ચીજો સારી બનાવી છે તે કેટલો મોટો છે તે આપણે કહીએ–કહી શકીએ.

(૮)

Save (સેઇવ) બચાવ; રક્ષણ કર.
The king=રાજા.

God save the king=હે પ્રભુ, રાજાને બચાવ.
Gracious (ગ્રેશ્યસ) કૃપાળુ.
Glorious (ગ્લોરિયસ) કીર્તિવાન; વિખ્યાત.
Victorious (વિક્ટોરિયસ) ફતેહ-મંદ; વિજયી.
To defend (ટુ ડિફેન્ડ) બચાવવું; રક્ષણ કરવું.
God save our gracious king=હે પ્રભુ, અમારા કૃપાળુ રાજાને તું બચાવ.
Noble (નોબલ) ઉમદા;ઉદાર દીલના.
Long live our noble king (=May our noble king live long)=અમારા ઉમદા (ઉદાર દીલના) રાજા ઘણું જીવો.
Send him victorious... to reign over us=અમારા પર લાંબો વખત રાજ્ય કરવાને તું એમને ફતેહમંદ, સુખી અને કીર્તિવાન (બનાવીને) મોકલ.
To reign (ટુ રેઇન) રાજ્ય કરવું.
Thy (ધાઈ) તારી.
Choicest (ચૉઇસેસ્ટ) ઉત્તમ; ખાસ પસંદ કરેલી.
Gifts (ગિફ્ટ્સ) બક્ષીસો.

Store (સ્ટોર) ભંડાર.
Be pleased (બિ પ્લીઝ્ડ) ખુશી થા; પ્રસન્ન થા; મહેરબાની કર.
To pour (ટુ પોર) રેડવું; વરસાદ વરસાવવો.
Thy choicest gifts...to pour (=Be pleased to pour on him thy choicest gifts in store)= તારા ભંડારમાંની ઉત્તમ ચીજો તેના પર વરસાવવાને-તેને છૂટથી આપવાને-પ્રસન્ન થા (મહેરબાની કર).
Long may he reign=તે લાંબો વખત રાજ્ય કરો.
Laws (લૉઝ) કાયદા.
May he defend our laws =તે અમારા કાયદાનું રક્ષણ કરો.
Ever (એવર) હંમેશાં.
Cause (કૉઝ) કારણ.
Voice (વૉઇસ) અવાજ.
May he defend..." God save the king !"=તે અમારા કાયદાનું રક્ષણ કરો, ને " પ્રભુ, રાજાને બચાવ" એમ ખરા મનથી તેમજ વચનથી હંમેશાં ગાવાનું અમને કારણ આપો.

તરજુમો.

(૧) ચા.

૧. ચાનો છોડ એક નાનો છોડ અથવા નાનું ઝાડ છે. જે ખેતરમાં ચાના છોડ ઉગાડવામાં આવે છે તે ખેતર ચાનો બગીચો કહેવાય છે. આ પાનાને મથાળે એક ચાના બગીચાનું ચિત્ર છે.

૨. પેલા પુરૂષો અને સ્ત્રીઓ શું કરે છે? તેઓ છોડપરથી પાંદડાં ચુંટે છે અને તેને પોતાની ટોપલીઓમાં મૂકે છે.

૩. ખેતરને બીજે છેડે તમે એક ઘર જુઓ છો. જ્યારે મજુરોની ટોપલીઓ ભરાઇ જાય છે ત્યારે તેઓ તે ટોપલીઓને તે ઘેર લઈ જાય છે. અહીં પાંદડાં સુકવવામાં આવે છે, પેટીઓમાં દાબી દાબીને ભરવામાં આવે છે, અને દુનિયાના બીજા ભાગોમાં મોકલવામાં આવે છે.

૪. ચા ટેકરીઓ પર ઉગે છે. મેદાનપર એટલી બધી ગરમી પડે છે કે તે ત્યાં ઉગી શકે નહિ. ચિત્રમાં તમે જે ચાનો બગીચો જુઓ છો તે ટેકરીની બાજુપર છે. જમીન જમણી બાજુએ ઢોળાવ પડતી છે.

ચા ટેકરીઓ પર ઉગાડવામાં આવે છે.

---

(૨) મહેલ.

૧. રાજા ઘણા મોટા ઘરમાં રહે છે અને તે (ઘર) મહેલ કહેવાય છે.

૨. આ પછીના પાનાપરના ચિત્રમાં તમે જયપુરના રાજાના મહેલનો દરવાજો જુઓ છો. તેમાંથી ઘણા માણસો પસાર થાય છે. કેટલાક મહેલમાં દાખલ થાય છે. કેટલાક તેમાંથી બહાર આવે છે.

૩. દરવાજાની દરેક બાજુએ એક ફાનસ છે. જ્યારે અંધારૂં થાય છે ત્યારે આ ફાનસો સળગાવવામાં આવે છે. ત્યારે તમે રસ્તો જોઇ શકો છો.

૪. જો તમે દરવાજાની સામેના ભાગમાં ઉભા રહો તો તમે મહેલનો અમુક ભાગ જોઇ શકો.

આ દરવાજામાંથી ઘણા માણસો પસાર થાય છે.

(૩) સિપાઈ (લશ્કરમાંનો).

૧. આપણા લશ્કરમાંના સિપાઇનું આ ચિત્ર છે. તે ભાલો લઇ જાય છે (રાખે છે) તેથી તે ભાલાવાળો સિપાઇ કહેવાય છે. તેના જમણા હાથમાં છેડે અણીવાળી જે લાંબી લાકડી તે પકડી રાખે છે તે તેનો ભાલો છે.

૨. ભાલાવાળો સિપાઇ ઘણા ઉંચા બૂટ પહેરે છે અને તે બૂટ લગભગ તેની જાંગસુધી પહોંચે છે. તેની છાતીના એક છેડાથી બીજા છેડા સુધી તે પહોળો સફેદ પટો પહેરે છે અને તેની કમરની આસપાસ (કપડાનો) સુશોભિત પટો પહેરે છે. તેની પાસે તે (કપડાના) પટામાંથી લટકતી તરવાર હોય છે-રહે છે. તે પાઘડી પહેરે છે ને લડવૈયાના માથાનો ટોપ પહેરતો નથી.

લશ્કરી સિપાઇ પહોળો સફેદ પટો અને (કપડાનો) સુશોભિત પટો પહેરે છે.

---

(૪) ચિત્તો.

૧. ચિત્તો ઘણી મોટી બિલાડીના જેવો છે. તે વિકરાળ પશુ છે, અને તે જંગલમાં રહે છે. પણ જો તે નાનો હોય ત્યારે તેને પકડવામાં આવે તો તે પાળી શકાય છે. પાળેલા ચિત્તા હિંદુસ્તાનમાં શિકાર કરવાના કામમાં આવે છે.

૨. જે માણસને તમે ચિત્રમાં જુઓ છો તે પોતાના ચિત્તાને શિકાર કરવા બહાર લઇ જાય છે. તેની આંખોપર લુગડાનો કકડો બાંધવામાં આવ્યો છે. પણ જ્યારે તે માણસ કોઇ હરણને જોશે ત્યારે તે કકડો છોડી નાંખશે. પછી ચિત્તો આગળ કુદશે ને હરણની પાછળ પડશે.

૩. ચિત્તો ઘણીવાર પોતાના હરણને પકડે છે, પણ કોઇ કોઇ વખત તે તેને ગુમાવે છે. હરણ એટલી ઝડપથી દોડે છે કે તે ચિત્તો તેને પકડી શકતો નથી, અને તે હરણ ચાલ્યું જાય છે.

પાળેલા ચિત્તાઓ હિંદુસ્તાનમાં શિકાર કરવાના કામમાં આવે છે.

(૫) હું ઇચ્છું છું.

૧. ઉનાળામાં એક દિવસ એક કુતરો તળાવ પાસે આવ્યો અને તેમાં એક માછલી જોઇ. તેણે કહ્યું, "હું ઇચ્છું છું કે હું આખો દિવસ તળાવમાં રહી શકું તો હું હમણાં જેટલો તાપથી તપી જાઉં છું તેટલો ન તપી જાઉં."

૨. તેણે તે સુખી માછલી તરફ નજર કરી નહિ, પણ પોતાની આંખો બંધ કરી ને ઘાસ પર સુતો.

૩. થોડીવાર પછી તેણે તે માછલીને કહેતાં સાંભળી, "અરે, હું ઇચ્છું છું કે હું તે કુતરાની માફક તાજા લીલા ઘાસપર સુઇ શકું ! તે જગા ખરેખર બહુ સુંદર અને હુંફાળી દેખાય છે."

૪. તે કુતરો ઉઠયો, અને રસ્તાપર થઇને ઘેર ગયો. જ્યારે તે ગયો (જતો હતો) ત્યારે તેણે એક પક્ષીને હવામાં ઉડતું જોયું.

૫. તે પક્ષીએ કહ્યું, "હું ઇચ્છું છું કે હું પેલા કુતરાની માફક આખો દિવસ રમી શકું. તે કેવી સુખી જીંદગી ગાળે છે !

૬. "હું મારો માળો બનાવું છું, અને મારી પાંખો બહુ થાકી ગયેલી છે. મારે દરરોજ આમતેમ ઉડવું જોઇએ—પડે છે—અને જ્યાંસુધી મારૂં કામ થઈ રહે ત્યાંસુધી ઘાસ અને ઉન લાવવાં જોઇએ—પડે છે."

૭. જ્યારે તે કુતરો ઘેર ગયો (જતો હતો) ત્યારે તેણે પોતાની જાતને કહ્યું, "તે માછલી અને પક્ષી બંને મારી અદેખાઇ કરે છે. મને જે કંઇ મળે તે વડે હું સંતોષથી રહીશ. દરેક જણ પાસે કંઇ સારી ચીજ હોય છે."

દરેક જણ પાસે કંઇ સારી ચીજ હોય છે.

(૬) તે મારી જગા છે—ભાગ ૧.

૧. એક જુના (ઘરડા) ઝાડમાં એક પક્ષી રહેતું હતું. બે વરસ સુધી તેણીએ પોતાનો માળો ત્યાં ઝાડની એક ડાળીપર બાંધ્યો હતો.

૨. ત્રીજે વરસે જ્યારે તે પોતાનો માળો બાંધવા આવી ત્યારે જે ડાળીને તે પોતાની ડાળી કહેતી (ગણતી) હતી તે પર તેણે એક નાનું પક્ષી જોયું.

૩. નાનું પક્ષી કે જેણે પોતાની ચાંચમાં થોડું ઘાસ અને ઉન રાખ્યું હતું તેને પેલા ઘરડા પક્ષીએ કહ્યું, "તું અહીં શા માટે આવી છે?"

૪. પેલા નાના પક્ષી કહ્યું, "હું અહીં મારો માળો બાંધવા આવી છું." તે ઘરડા પક્ષીએ કહ્યું, "તારે અહીં ન આવવું જોઇએ. આ મારી જગા છે."

૫. નાના પક્ષીએ કહ્યું, "તે તમારી જગા નથી. તે મારી છે. આ વસંતઋતુમાં હું અહીં પહેલી આવી હતી. તમે તો માત્ર હમણાં આવ્યા છો. મેં શું કર્યું છે તે જુઓ." તેણે પેલા ઘરડા પક્ષીને જે ઘાસ અને ઉન પોતે તૈયાર કર્યું હતું તે બતાવ્યું.

૬. તે ઘરડા પક્ષીએ ફરીથી કહ્યું, "તે મારી જગા છે, તારી નથી. આ ઝાડપર હું પહેલી આવી હતી, હું ત્યાં બે વરસ થયાં આવું છું. અને હમણાં જ્યારે હું પાછી આવું છું ત્યારે હું તને અહીં જોઉં છું."

૭. (નાના પક્ષીએ કહ્યું) "હા, અને હું અહીં રહેવાનો ઇરાદો રાખું છું." ઘરડા પક્ષીએ ગુસ્સે થઇ કહ્યું, "વહેલો તે પહેલો." નાના પક્ષીએ કહ્યું, "અને હું તેજ કહું છું."

ઘરડા પક્ષીએ કહ્યું "વહેલો તે પહેલો."

---

(૭) તે મારી જગા છે—ભાગ ૨.

૧. ઘરડા પક્ષીએ નાના પક્ષીને ચાંચ ભોંકી અને (તેનું) ઘાસ અને ઉન ખેંચી કાઢવા કોશિષ કરી. તે નાના પક્ષીએ તેનાપર હુમલો કર્યો, અને તેઓ ભારે લડયા.

૨. દરેક પક્ષી બોલી ઉઠયું, "તે મારી જગા છે." "ના, તે મારી છે." "હુ અહીં પહેલું આવ્યું હતું." "ના, હું (પહેલું) હતું."

૩. એક ઘરડી બિલાડી કે જે નજીકમાં તડકામાં પડી હતી તે બોલી, "આ શું છે? શો ઘોંઘાટ! મારે જવું જોઇએ ને શું બન્યું છે તે જોવું જોઇએ." તે ધીમેથી આગળ ગઇ, ઝાડપર કુદકો મારીને ચઢી અને તે બે પક્ષીઓ કહેતા હતા તે સાંભળ્યું.

૪. તેઓ (તે પક્ષીઓ) એટલાં બધાં ગુસ્સે થયેલાં હતાં કે તેઓએ પહેલાં તો તેને જોઇ નહિ. પછી તેઓએ પોતાની નજીકમાં ઘણો કઠોર અવાજ સાંભળ્યો; તે અવાજે કહ્યું, "તમે બંને તે જગા રાખી શકો નહિ."

૫. તે બિલાડીએ પોતાના આગલા દરેક પંજામાં તેમને અકેકને પકડયાં.

૬. તે બિલાડીએ તે ઘરડા પક્ષીને કહ્યું, "તે તારી જગા નથી. આ વરસે તું હદપાર મોડું હતું. તું લડકણું પક્ષી છે ને તું લડે છે. હું તને જીવવા દઇ શકું નહિ." પછી તે બિલાડી તેને ખાઇ ગઇ.

૭. તેણીએ નાના પક્ષીને કહ્યું, "અને તે તારી જગા નથી. ઘરડું પક્ષી ત્યાં ગયે વરસે આવ્યું હતું. તું તદ્દન ગેરવ્યાજબી (અયોગ્ય) રીતે વર્ત્યું છે. હું તને જીવવા દઇ શકું નહિ." તેથી તેણી તે પક્ષીને પણ ખાઇ ગઇ.

૮. પછી તે બિલાડી ઝાડ નીચે ગઇ અને તડકામાં પડી. તેણે કહ્યું, "એનો અંત આવ્યો છે."

પછી તે બિલાડી ઝાડ નીચે ગઇ ને તડકામાં પડી.

---

(૮) કાશીમાં.

૧. હિંદુસ્તાનના દરેક છોકરાએ કાશી શહેર વિષે સાંભળ્યું છે. કદાચ તમારામાંના કેટલાક છોકરાઓ ત્યાં ગયા હશે. આ મોટા શહેર આગળ થઇને મોટી ગંગા નદી વહે છે.

૨. ૧૮મા પાનાપરના ચિત્ર તરફ જુઓ. ગંગાનદીના કિનારા પરના ઘાટમાંનો આ એક છે. પગથીયાં પર થઈને કેટલાં બધાં માણસો ઉપર નીચે જાય છે !

૩. આ માણસો પગથીયાંની નીચે નદી તરફ શા માટે જાય છે ? બધા હિંદુઓ ધારે છે—માને છે—કે ગંગા એ બહુ પવિત્ર નદી છે. તેઓ ધારે છે—માને છે—કે જો આપણે તેના પાણીમાં સ્નાન કરીએ, તો આપણું કંઇ કલ્યાણ થશે.

૪. કાશીએ ગંગા નદીમાં સ્નાન કરવા સારૂ હિંદુસ્તાનના બધા ભાગોમાંથી પુરૂષો અને સ્ત્રીઓ આવે છે. ઘણા ઘરડા સ્ત્રી–પુરૂષોને તેમના મિત્રો કાશીએ લાવે છે તેઓ પોતાના આખરના દિવસો તે નદીના કિનારાપર ગાળવા ઇચ્છે છે. તેઓ માને છે કે ગંગાના કિનારે દેહ છોડવો એ સારૂં છે.

૫. ચિત્ર તરફ બારીકાઈથી જુઓ. ડાબી બાજુએ એક રાજાનો મહેલ છે. આ નદીના કિનારા પર ઘણા રાજાઓએ મહેલો બાંધ્યા છે. જમણી બાજુએ થોડા તંબુ છે. જે વિદ્વાન માણસો તેમની સાથે વાત કરે તે ધ્યાન દઇને સાંભળવા માટે માણસો આ તંબુઓ નીચે બેસે છે.

૬. નદીમાં ઘણા માણસો નહાય છે. હમણાં તમે તેઓનાં માથાં પાણીની બહાર જોઇ શકો છો. પગથીયાંની નીચે નદીમાં માણસો પગ મૂકે છે.

૭. તમે કદી કાશી ગયા છો ? નદીના બીજા કિનારા પરથી જ્યારે તમે કાશી તરફ જુઓ ત્યારે શહેર કેટલું સુંદર છે તે તમને જણાશે. નદીના બીજા કિનારાપરથી કાશી સુંદર દેખાય છે.

---

(૯) સ્વાશ્રય (જાત મહેનત).

૧. અનાજ ઉગેલા એક ખેતરમાં એક પક્ષીએ પોતાનો માળો બનાવ્યો હતો. સવારમાં તે ખોરાક મેળવવાને બહાર ગઇ ત્યારે તેણે પોતાનાં બચ્ચાંને કહ્યું, "તમે તમારા કાન નકકી ખુલ્લા રાખજો."

૨. સાંજે તે ઘેર આવી ત્યારે તેણે બચ્ચાંઓને બહુ ગભરાયલાં જોયાં. તેઓએ કહ્યું, "મા, અમે આજે ખેડુતને તેના દીકરા સાથે વાત કરતો સાંભળ્યો.

૩. "તેણે કહ્યું, 'અનાજ હવે એવું પાકી ગયું છે કે આવતી કાલે તેની કાપણી કરવામાં મને મદદ કરવા હું મારા મિત્રોને તેડાવીશ.' મા, આપણે શું કરશું ?"

૪. તેણે (માએ) કહ્યું, "બ્હીશો નહિ. જ્યારે (જ્યાં સુધી) ખેડુત પોતાને મદદ કરવા સારૂ પોતાના મિત્રોની રાહ જુએ છે ત્યારે (ત્યાં સુધી) અનાજ કપાશે નહિ.

૫. જેમ તેણીએ કહ્યું હતું તેમજ બન્યું. ઘણા દિવસ વીતી ગયા અને છતાંય તે અનાજ કપાયું નહોતું. દરરોજ સવારે તે ઘરડું પક્ષી પોતાનાં બચ્ચાંઓને કહેતું, "તમે તમારા કાન નક્કી ખુલ્લા રાખજો."

૬. આખરે એક દિવસ સાંજે તે બચ્ચાંઓએ કહ્યું, "મા, અમે આજે ખેડુતને ફરીથી સાંભળ્યો. તેણે તેના દીકરાને કહ્યું, 'આપણે આપણા પેલા દયા વગરના મિત્રોની હવે બિલકુલ રાહ જોશું નહિ. તું અને હું આવતી કાલે અનાજની કાપણી કરશું.'

૭. તેઓએ આગળ કહ્યું, "અમે બ્હીતા નથી, કારણ કે આગળની માફક તેના શબ્દોનું કંઇ પરિણામ આવશે નહિ."

૮. માએ કહ્યું, "છોકરાંઓ, તમારી ભૂલ છે. બીજું ઘર શોધવા માટે આપણે એકદમ જવું જોઇએ, કારણ કે આપણે અહીં હવે વધારે વખત રહેવાની હિંમત કરી શકીએ નહિ.

૯. "જ્યાં સુધી ખેડુત પોતાનું કામ કરવાને બીજાઓની રાહ જોતો હતો ત્યાં સુધી આપણું ઘર તદ્દન સહિસલામત હતું. પણ હવે તેણે (ખેડુતે) જાતે કાપણી કરવાનો નિશ્ચય કર્યો છે તેથી અનાજ જલદી કપાશે. આપણે નાસી જવું જોઇએ."

હવે તેણે જાતે કાપણી કરવાનો નિશ્ચય કર્યો છે તેથી અનાજ જલદી કપાશે.

(૧૦) ટપાલ.

૧. અબ્દુલ ઘેર પહોંચ્યો કે તરતજ તેણે કહ્યું, "બાપા, મેં તમારો કાગળ ટપાલમાં નાખ્યો છે." "તેં ટીકીટ ચોડી હતી?"

૨. અબ્દુલે કહ્યું, "હા, બાપા, મેં ટીકીટ ચોડી હતી. પણ આપણે જે કાગળ મોકલીએ તે દરેક પર આપણે શા માટે ટીકીટ ચોડવી જોઇએ?"

તેના બાપે કહ્યું, "કાગળ લઇ જવાને માટે આપણે પૈસા આપ્યા છે એ (હકીકત) ટપાલ ઑફિસના માણસોને બતાવવા માટે તે (ટીકીટ) છે.

૩. "ટપાલીઓના પગાર આપવામાં અને ટપાલના કાગળના કોથળા આગગાડી રસ્તે, ઘોડા પર કે ગાડામાં લઇ જવામાં ઘણો ખર્ચ થાય છે. આપણે જ્યારે કાગળો માટે ટીકીટો ખરીદીએ છીએ ત્યારે આપણે દરેક આ (ખર્ચનો) આપણો ફાળો—ભાગ—આપીએ છીએ."

૪. અબ્દુલે પૂછ્યું, "મેં જે કાગળ હમણાં ટપાલમાં નાખ્યો તે આગગાડી રસ્તે જશે?"

૫. તેના બાપે કહ્યું, "હા, કેટલીક ગાડીઓમાં ડબ્બા—ખાનાં—હોય છે જેમાં ટપાલના કાગળના કોથળા સિવાય કંઇ મૂકવામાં આવતું નથી. જ્યારે ગાડી આગળ ચાલે છે ત્યારે તે ડબ્બામાં માણસો કાગળો જુદા પાડે છે. પછી તેઓ તે કાગળોને બીજા કોથળામાં નાખે છે."

૬. અબ્દુલે પૂછ્યું, "તે માણસો આ કોથળાનું શું કરે છે?"

૭. "જ્યારે ગાડી કોઇ ગામ આગળથી પસાર થાય છે ત્યારે તે ગામના માણસો માટેના કાગળનો કોથળો બહાર ફેંકવામાં આવે છે, અને બીજી જગાઓપર લઇ જવા સારૂ (તે ગામના માણસોએ લખેલા) બીજા કાગળો અંદર લેવામાં આવે છે.

૮. અબ્દુલે ફરીથી પૂછ્યું, "કાગળો ખરાજ (યોગ્ય) માણસોને કેવી રીતે આપવામાં આવે છે?"

૯. તેના બાપે કહ્યું, "વારૂ, ટપાલીઓ ગાડીપર જાય છે અને કાગળના કોથળા ટપાલ ઑફિસમાં લાવે છે. ત્યાં કાગળો પાથરવામાં આવે છે અને તેના પર તે ટપાલ ઑફિસના નામની છાપ મરાય છે. પછી તેઓને ક્રમ (મહોલ્લા) પ્રમાણે મૂકવામાં આવે છે, અને ટપાલીઓ તે કાગળોને ઘરપર (ઘેર ઘેર) લઇ જાય છે."

૧૦. તેના કાકા જે ઘણા માઇલ દૂર (આવેલા) કાનપુરમાં રહેતા હતા તેના પરનો કાગળ અબદુલે હમણાં ટપાલમાં નાખ્યો હતો. આગલે દિવસે, તેની કાકી જે એકજ માઇલ દૂર રહેતા હતા તેના પરનો કાગળ ટપાલમાં નાખ્યો હતો. આમ છતાં, તેણે જોયું હતું તે પ્રમાણે, દરેક કાગળપર એકજ જાતની, એક આનાની, ટીકીટ હતી.

૧૧. તેણે પૂછ્યું, "કાકાપરના કાગળનો એકજ આનો શા માટે બેસે છે? કાકીપરના કાગળનો પણ એક આનો બેસે છે, અને (જો કે) કાકા કરતાં તે આપણી બહુ નજીકમાં રહે છે."

૧૨. તેના બાપે કહ્યું, "આપણા પોતાના દેશમાં કાગળ કેટલે દૂર લઇ જવાનો છે તેનો હિસાબ નથી. છેક પાસેના ગામમાં લઇ જવા માટે ટપાલ ઑફિસ જેટલા પૈસા લે છે તેટલાજ પૈસા તે ઘણા માઇલ–ઘણે દૂર–લઇ જવા માટે લે છે. જ્યાંસુધી કાગળનું વજન હદ કરતાં વધારે ન હોય ત્યાંસુધી તેને માટે એક આનાની ટીકીટ ચાલશે."

---

(૧૧) અલબત–ભાગ ૧.

૧. એક અંધારૂં જંગલ કે જ્યાં જંગલી પશુઓ રહેતાં હતાં ત્યાં એક વખત માણસનો બૂટ (મોટો જોડો) પડેલો હતો.

૨. તે ત્યાં કેવી રીતે આવ્યો એ હું કહી શકતો નથી. ત્યાં કોઇ માણસ આવ્યું નહોતું. તે પશુઓએ તો તેમની આખી જીંદગીમાં માણસનો બૂટ જોયો નહોતો.

૩. તે જોડો ત્યાં પડી રહ્યો, અને જ્યારે પશુઓએ તે જોયો ત્યારે તેઓ બધા તે વિષે વાત કરવાને એકઠા થયા.

૪. જો કે તેઓએ આવી ચીજ કદી જોઇ નહોતી, તોપણ તેઓની બધાની પુરેપુરી ખાત્રી હતી કે તે શું છે એ આપણે જાણીએ છીએ.

૫. રીંછે કહ્યું, "શા માટે, હું કહું છું કે એમાં કંઇ શંકા નથી. અલબત તે કોઇ જાતના ફળની છાલ છે."

૬. વરૂએ કહ્યું, "એ બિલકુલ તે (પ્રમાણે) નથી. અલબત તે કોઇ જાતનો માળો છે. જુઓ! પક્ષીને અંદર દાખલ થવા માટેનું કાણું આ રહ્યું, અને જે ઉંડા ભાગમાં ઈંડાંઓ અને બચ્ચાંઓ સહિ-સલામત રહી શકે તે ભાગ આ રહ્યો. એમાં કંઇ શક નથી. અલબત નહિ."

૭. બકરીએ કહ્યું, "તમે આવા મૂર્ખ કેમ થઇ શકો છો! તે બિલકુલ તે (પ્રમાણે) નથી. અને બૂટની દોરી બતાવીને તેણે કહ્યું, "આ લાંબા મૂળ તરફ જુઓ. અલબત, તે કોઇ છોડનું મૂળ છે."

૮. જ્યાંસુધી તેઓએ ધીમે ધીમે એક બીજા પર ગુસ્સે થવા માંડયું નહિ, ત્યાંસુધી તેઓએ આ પ્રમાણે વાત કર્યા કરી.

---

(૧૨) અલબત—ભાગ ૨.

૧. એક વૃદ્ધ ઘુવડ જે પાસેના ઝાડમાં શાંતિથી બેઠું હતું તેણે કહ્યું, "જો મને બોલવાની રજા આપો તો હું ધારૂં છું કે તે શું છે એ હું તમને કહી શકું. હું એવા પ્રદેશમાં રહું છું કે જ્યાં આવી જાતની તમે ગણી શકો તે કરતાં વધારે ચીજો છે. તે માણસનો બૂટ (મોટા જોડા) છે."

૨. બધા પશુઓ અને પક્ષીઓ બોલી ઉઠ્યાં, "તમે તેને—તે વિષે—શું કહો છો? માણસ શું છે? અને જોડા શું છે?"

૩. ઘુવડે કહ્યું, "માણસ એ બે પગવાળી પણ પીંછા વિનાની ચીજ છે. આપણી માફક તે ચાલી શકે, ખાઇ શકે ને વાત કરી શકે. પણ આપણે કરી શકીએ તે કરતાં તે ઘણું વધારે કરી શકે છે."

૪. પશુઓએ કહ્યું, "તે ખરૂં હોઇ શકે નહિ. બે પગવાળી ચીજ આપણે કે જેને ચાર પગ છીએ તેના કરતાં વધારે શી રીતે કરી શકે? અલબત તે ખોટી વાત છે."

૫. ઘુવડે આગળ કહ્યું, "વારૂ, તેમને પાંખો નથી અને છતાં એ ખરી વાત છે. તેઓ આના જેવી ચીજો બનાવી શકે છે. તેઓ તેને જોડા કહે છે, અને પોતાના પગ પર તે પહેરે છે."

૬. તેઓ બધાં બોલી ઉઠયાં, "ખોટું! ખોટું! અમે જાણીએ છીએ કે આવી ચીજો પગપર પહેરવામાં આવતી નથી. તે શી રીતે પહેરી શકાય? તેં એવું કહ્યું છે કે જે ખોટું છે એમ તું જાણે છે (તેં એવું કહ્યું છે કે જે તારી જાણ પ્રમાણે ખોટું છે). તું અમારી સાથે રહેવા યોગ્ય નથી. તારે જંગલ છોડી ચાલ્યા જવું જોઇએ."

૭. તેઓએ તે બિચારા ઘરડા ઘુવડને જંગલમાંથી હાંકી કાઢયું અને તેને પાછું આવવા દીધું નહિ.

૮. ઘુવડે કહ્યું, "આમ છતાંય તે ખરૂં છે." અલબત તે (ખરૂં) હતું.

(૧૩) ચોખા—ભાગ ૧.

૧. અબદુલ થોડા ચોખા લઇને રમતો હતો. તેણે પોતાના (બંને) હાથમાં થોડા લીધા, અને પછી તેને પોતાની આંગળીઓમાં થઇને ધીમેથી પડવા દીધા.

૨. તેના બાપે કહ્યું, "તે નકામા ફેંક નહિ. આ વરસે બહુ વરસાદ પડયો નથી, અને તેથી ચોખાનો પાક એવો સારો નથી. ચોખા કયારના મોંઘા (થયા) છે, અને થોડા વખત પછી તે વધારે મોંઘા થશે."

૩. અબ્દુલે પૂછ્યું, "શું ચોખાને સારા ઉગવાને પુષ્કળ પાણી જોઇએ?" તેના બાપે કહ્યું, "હા, ચોખા સારા ઉગવા માટે ઘણી ગરમી અને પુષ્કળ પાણી જોઇએ, અને તેથી જે ગરમ દેશોમાં ઘણો વરસાદ પડે છે ત્યાંજ તે ઉગશે.

૪. " આપણો પોતાનો દેશ હિંદુસ્તાન ઘણો ગરમ છે, અને તેના કેટલાક ભાગોમાં ઘણો વરસાદ પડે છે. તે ભાગોમાં ચોખા ઉગાડવામાં આવે છે—ઉગે છે.

૫. અબ્દુલે પૂછ્યું, "ચોખા કેમ ઉગે છે એ તમે મને કહેશો?"

૬. તેના બાપે કહ્યું, " વારૂ, જ્યારે ભારે વરસાદ પડે છે, અને અને ખેતરો પાણીથી ભરાય છે, ત્યારે ખેડુત ખેડવા માંડે છે."

૭. અબ્દુલે પૂછ્યું, "શું તે પાણીમાં ખેડે છે?" તેના બાપે કહ્યું,

"હા. ઘણીવાર તે ખેતર મોટા તળાવ જેવું હોય છે."

૮. અબ્દુલે કહ્યું, "ખેડુત અને તેના બળદ કેટલા ભીંજાઈ જતા હોવા જોઇએ!"

૯. "હા, અલબત, તેઓ ભીંજાય છે. પણ જ્યારે પાણી અને કાદવ એટલા બધા ઉંડા હોય કે તેઓ તેમાં પોતાના ઘુંટણ સુધી ડુબી જાય ત્યારે પણ તેઓ કામ જારી રાખે છે.

૧૦. પછી ખેડુત ચોખાનાં બી પાણીપર નાંખે છે. થોડીવારમાં તે બી ડુબી જાય છે, અને નીચે કાદવ પર ઠરે છે."

---

(૧૪) ચોખા—ભાગ ૨.

૧. " ચોખાના નવા છોડ (તરૂ) બહુ ઝડપથી ઉગે છે, પણ જ્યારે તે આશરે આઠ ઇંચ ઉંચા હોય છે ત્યારે તેમને ખેંચી કાઢવામાં આવે છે. મથાળાં કાપી નાખવામાં આવે છે, અને પછી બીજા ભીનાં ખેતરોમાં તે હારબંધ વાવવામાં આવે છે."

૨. અબ્દુલે પૂછ્યું, "મથાળાં શા માટે કાપવામાં આવે છે?"

૩. તેના બાપે કહ્યું, "તે કાપી નાખવામાં આવે છે કે જેથી ફરીને ચોખાના છોડ વધારે મજબુત બને અને ચોખાના કણસલાં દાણાથી ભરપુર બને."

૪. "ચોખાનો છોડ ઘણી ઝડપથી ઉગે છે. જો વરસાદ પુરતો ન હોય તો કુવા અથવા તળાવોમાંથી પાણી ખેંચવામાં આવે છે, અને ખેતરો ભીનાં અને કાદવવાળાં રાખવાને તેમાં પાણી દાખલ કરવામાં આવે છે.

૫. "જો વરસાદ ખરેખર બહુ ઓછો હોય તો તળાવો સુકાઇ જાય છે, અને ખેતરો માટે પાણી મેળવી શકાય નહિ. ત્યારે ગરમ સૂર્ય ખેતરોને થોડીવારમાં સુકવી નાખે છે, અને ભાતનાં તરૂ મરી જાય છે.

૬ "સારે વરસે ભાતનાં તરૂ ઉંચા વધે છે, અને કણસલાં અનાજથી ભરાવા માંડે છે. જ્યારે છોડ પીળા થવા માંડે છે, ત્યારે ખેડુત ખેતરોને સુકાવા દે છે. ગરમ સૂર્ય નીચે દાણાપર પ્રકાશે છે, ને તે દાણા થોડીવારમાં પીળા ને સખત બને છે. ત્યારે તે પાકા થાય છે.

૭. "પછી ખેડુત દાતરડું લઇને આવે છે ને છોડ કાપી નાખે છે. પછી તેની પૂળીઓ બનાવે છે, અને જ્યાં સુધી દાણો તદ્દન સખત બને નહિ ત્યાં સુધી તેમને ઉભા રાખવામાં આવે છે.

૮. "પછી માણસો (કણસલામાંથી દાણા છૂટા કરવા સારૂ) ચોખાને ઝુડે છે અને દાણા સાફ કરે છે. થોડા ચોખા હિંદુસ્તાનમાં વપરાશને માટે રખાય છે, અને થોડા કોથળામાં ભરવામાં આવે છે અને પરદેશ મોકલવામાં આવે છે.

૯. અબ્દુલના બાપે આગળ કહ્યું, "ગરમ દેશોમાં લોકો પુષ્કળ ચોખા ખાય છે, અને તેઓ બહુ માંસ ખાતા નથી."

---

(૧૫) તાજમહેલ.

૧. ૪૦મા પાના પરનું ચિત્ર જુઓ. અહીં કેવી સુંદર ઇમારત બતાવવામાં આવી છે! કદાચ દુનિયામાં તે સૌથી સુંદર ઇમારત છે.

૨. તે "તાજ મહેલ !" કહેવાય છે, અને તે આગ્રા શહેરમાં છે.

૩. શું તમે તેને મહેલ ધારો છો? તે એક મહેલ જેવો દેખાય છે, ખરૂં ને? તે મહેલ નથી. તે કબર છે. કોઇ મરી ગએલા માણસની યાદગીરીમાં (યાદગીરી જાળવવા) બાંધેલી ઇમારત કબર (કહેવાય) છે.

૪. શાહજહાન નામનો જે મોટો રાજા આગ્રામાં રહેતો હતો તેણે આ કબર બંધાવી હતી. તેની રાણીને મુમતાઝ મહાલ કહેતા. આ નામનો ઈંગ્રેજી અર્થ "મહેલનો આગેવાન" એવો થાય છે. તેને આ નામ આપવામાં આવ્યું હતું કારણ કે તે ઘણીજ ખુબસુરત હતી.

૫. શાહજહાન તેને બહુજ ચહાતો, અને જ્યારે તે મરી ગઇ ત્યારે તે ઘણો દીલગીર થયો. તેણે કહ્યું, "મારી સ્ત્રીને માટે હું એક કબર બાંધીશ, અને ખચિત તે દુનિયામાં સૌથી સુંદર કબર થશે." તેથી તેણે આ કબર કે જે મહેલ જેટલી મોટી છે તે બાંધી.

૬. આ કબર બાંધવામાં કેટલા મજુરોએ મદદ કરી તે તમે મને કહી શકશો? મારી ખાતરી છે કે, તમે તે કહી શકો નહિ. વારૂ, તે કબર પુરી થઇ તે પહેલાં વીસ હજાર મજુરોએ વીસ વરસ સુધી રોજ કામ કર્યું, અને તેની પાછળ ઘણા લાખ રૂપિયાનો ખર્ચ થયો.

૭ કોઇ દિવસ, જ્યારે તમે આગ્રા જાઓ ત્યારે, તમારે જવું જોઇએ ને આ સુંદર ઇમારત જોવી જોઇએ. તમને માલમ પડશે કે તે ચિત્રના જેવીજ દેખાય છે. જરૂર જજો અને ચંદ્રના અજવાળામાં પણ તે જોજો.

૮. શાહજહાને બીજાં ઘણાં સુંદર મકાનો બાંધ્યાં, પણ તેમાંનું એક પણ તાજમહેલ જેટલું સુંદર નહોતું.

---

(૧૬) રાજકુંવરી અને કાગડો—ભાગ ૧.

૧. એક વખત એક રાજકુંવરી થઇ ગઇ જે નાની ને ખુબસુરત હતી, અને જે એક સુંદર મહેલમાં રહેતી હતી. (તે મહેલથી) થોડે દૂર

એક કિલ્લો આવેલો હતો. તેમાં કોઇ રહેતું નહોતું, અને તે લગભગ ખંડીયેર જેવો હતો. પણ તેની આસપાસ સૌથી સુંદર ફૂલોથી ભરપુર એક બાગ હતો. તે શાહજાદીને અહીં ફરવું ગમતું.

૨. એક દિવસ, જ્યારે તે મનને ગમે તેવી રીતે ફૂલોમાં ચાલતી હતી, ત્યારે તદ્દન ચીરાઇ ગયેલો ને લોહી લોહાણ થયેલો એક કાગડો એક ગુલાબના છોડપરથી કુદ્યો, ને તેની આગળ ઉભો. રાજકુંવરીએ કહ્યું, "બિચારા પ્રાણી! હું તારે માટે દીલગીર છું."

૩. કાગડાએ કહ્યું, "હે બાઇ, જો કે હું નાનો અને કદરૂપો છું, તોપણ હું ખરેખર કાગડો નથી. હું રાજકુમાર છું, એક દુષ્ટ અપ્સરાએ મને આવા ભયંકર આકારમાં બદલી નાખ્યો છે, અને વાડીમાં બીજાં બધાં પક્ષીઓ મને ચાંચ ભોંકે અને ફાડી નાખે એવું મારૂં નસીબ છે.

૪. "પણ, હે રાજકુંવરી, મને બચાવવો તમારા હાથમાં છે. ફક્ત તમારે આવવું પડશે ને કિલ્લામાં એકલા રહેવું પડશે, અને માત્ર જે ઓરડો સુંદર દેખાય તેવો છે તેમાં સોનેરી પથારીપર તમારે સુવું પડશે. અને રાતમાં તમે ગમે તે જુઓ કે સાંભળો, તોપણ તમારે બુમ પાડવી નહિ. કારણકે તમારી સઘળી દયાનું પરિણામ એક બુમથી ભુંસાઇ–નકામું–જશે, અને હું હજી વધારે કમનસીબ બનીશ."

૫. તે બિચારા રાજકુમાર માટે રાજકુંવરીને એટલી બધી દયા આવી, કે તેણે ખંડીયેર બનેલા કિલ્લામાં એકલા રહેવાનું કબુલ કર્યું. જ્યારે રાત પડી, ત્યારે તે પેલી સોનેરી પથારીપર સુતી, અને ઉંઘવાને કોશિશ કરી. પણ તેને બિલકુલ ઉંઘ આવી નહિ.

૬. મધ્યરાતે જ્યારે તેણે ચાલીમાંથી આવતાં પગલાં સાંભળ્યાં, ત્યારે તેનું હૃદય ધબકવા લાગ્યું. પણ તેણે બહાદુરીથી બારણા તરફ જોયું, અને તેણે તેને ખુલ્લું મુકેલું, અને સૌથી વિચિત્ર અને સૌથી બેડોળ પ્રાણીઓનાં એક ટોળાંને અંદર આવતું જોયું.

૭. તેઓએ ચુલો સળગાવ્યો, તેનાપર પાણીની એક મોટી કીટલી મુકી, અને પછી પથારી તરફ આવ્યાં. રાજકુંવરી ખસી નહિ, અને પોતાના હોઠ મજબુત રીતે બંધ કર્યા, કે જેથી તે પોતે ચીસ પાડે નહિ. પેલા નાના સેતાનોએ તેને પથારીમાંથી ખેંચી, અને પેલી કીટલી તરફ ધકેલો માર્યો.

૮ જ્યારે તે બિચારી છોકરી પોતે પાણીમાં ફેંકાશે એવું ધારતી હતી, ત્યારે બહાર વાડીમાં એક કુકડાએ કુકરેકુક અવાજ કર્યો. પેલા લુચ્ચાઓ એક ક્ષણમાં અદૃશ્ય થઇ ગયા, અને તેજ ક્ષણે પેલો કાગડો બારી તરફ અંદર ઉડયો.

૯ તેણે કહ્યું, "વહાલી રાજકુંવરી, હુ તમારો ઘણો આભારી છું. મારું દરદ ક્યારનું ઓછું થયું છે. હું તમારો બરાબર આભાર માની શકું એમ નથી."

(૧૭) રાજકુંવરી અને કાગડો-ભાગ ૨.

૧ બે વરસ સુધી તે રાજકુંવરી કિલ્લામાં એકલી રહી, અને રોજ રાતે કુકડાના કુકરેકુક અવાજથીજ તે ઇજામાંથી બચી. પછી એક દિવસ પેલો કાગડો તેની પાસે આવ્યો અને કહ્યું. "વહાલી બાઈ, બીજા એક વરસ પછી પેલી દુષ્ટ અપ્સરાનું જોર મારાપર ચાલશે નહિ, અને હું ફરીથી રાજકુમાર થઇશ. પણ હું કાગડાનાં આ પીંછાં ફેંકી શકું તે પહેલાં તમારે એક ગરીબ છોકરી અને નોકર બનવું જોઇએ."

૨. તે દયાળુ રાજકુંવરીએ કહ્યું, "તને મદદ કરવાને હું કંઇપણ કરીશ." તેથી એક વરસ સુધી તેણે દાસી તરીકે જીંદગી ગાળી. તેની શેઠાણી કઠોર હૃદયની હતી, અને તેના તરફ બહુ નિર્દય-રીતે વર્તતી, અને સખત કામ કરવાથી તેના હાથ રાતા અને ખડબચડા થયા.

૩. પણુ એક દિવસ જ્યારે તે પોતાના રેંટીયા આગળ બેઠી હતી અને પોતાના હાથ તરફ દીલગીરીથી જોતી હતી, ત્યારે તેણે હવામાં ખડખડાટ અવાજ સાંભળ્યો. જ્યારે તેણે ઉંચું જોયું, ત્યારે એક રૂપાળો નાનો માણુસ તેની બાજુએ (ઉભેલો) હતો.

૪. ઘુંટણીએ પડીને અને તેના હાથને બોકી કરીને તેણે કહ્યું, "હું તે રાજકુમાર છું કે જેણે સાત વરસ સુધી કાગડા તરીકે દુઃખી જીંદગી ગાળી છે. તમારી ભલાઇથી હું એ દુષ્ટ વારામાંથી છૂટયો છું. હવે આવો, મારી સાથે તે જુના કિલ્લા તરફ પાછા ફરો, અને મારી સુખી વહુ બનો."

પ. તેથી તે બંને કિલ્લા તરફ પાછા ફર્યા. અને જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા, ત્યારે રાજકુંવરીએ બહુ નવાઇ પામીને પોતાના હાથ ઉંચા કર્યા, કારણકે તે મહેલ હવે ખંડીયેર જેવો નહોતો, પણ તે ફરીથી બંધાયો હતો અને તેમાં ભપકાદાર રીતે રાચરચીલું મુકવામાં આવ્યું હતું.

૬. તેઓ ત્યાં રહ્યા ને ઘણા વરસ સુધી સુખેથી જીંદગી ગાળી.

(૧૮) તેણે તે પહેલું કર્યું—ભાગ ૧.

૧. એક વખત બે ઘેટાં હતાં જે એક ખેતરમાં રહેતાં હતાં. એક કાળું હતું ને બીજું સફેદ હતું. તેજ ખેતરમાં એક ગાય રહેતી હતી. હવે તે કાળું ઘેટું બિલકુલ સારૂં નહોતું. પણ જ્યાં જવાનું તે પસંદ કરતું ત્યાં સફેદ ઘેટું જતું, અને જે તે કરતું તે સફેદ ઘેટું કરતું.

૨. તેથી જે તેમણે ન કરવું જોઇએ તે તે બંનેએ કર્યું. તારે જે ન કરવું જોઇએ તે તેં શા માટે કર્યું એમ જ્યારે સફેદ ઘેટાને પુછવામાં આવતું, ત્યારે તે કહેતું, "કાળા ઘેટાએ તે પહેલું કર્યું."

૩. એક દહાડો એક છોકરો તે ખેતરમાં થઇને ગયો ને દરવાજો બંધ કર્યો નહિ. કાળા ઘેટાએ તે ખુલ્લો જોયો, અને બહુ આનંદથી ખેતરની બહાર દોડી ગયું. સફેદ ઘેટાએ તેને જતું જોયું, ને તે તેની પાછળ દોડયું.

૪. થોડીવારમાં તે ઘેટાંને એક મોટો કુતરો જે જાણતો હતો કે તેમણે બહાર રસ્તાપર રહેવું ન જોઇએ તે મળ્યો. તે તેમના તરફ દોડયો, અને તેમને કરડયો, અને તેમની પીઠપરથી થોડું ઊન ઉખેડી કાઢયું. તેઓ ખુશીથી તે ખેતરપર પાછાં દોડી ગયાં, અને બાકીનો આખો દિવસ સફેદ ઘેટું બીકને લીધે તદ્દન માંદું થઇ ગયું.

૫. જે ઘરડી ગાય તેજ ખેતરમાં હતી તેણે કહ્યું, "તું શા માટે ગયું ?" સફેદ ઘેટાંએ કહ્યું, "કાળું ઘેટું ગયું. તેણે તે પહેલું કર્યું."

૬. આ પછી દરવાજો હમેશાં બંધ રહેતો. પણ એક દિવસ વાડના છીંડામાં થઇને ખેતરની બહાર જવાનો રસ્તો કાળા ઘેટાંએ શોધી કાઢયો.

૭. તે પેલા છીંડામાં થઇને પેટ ચાલીને ગયું, અને સફેદ ઘેટું પણ તેજ રીતે તેમાં થઇને લપાતું લપાતું ગયું. તેઓ ભીનાશ અને ઘાસવાળા મેદાનપર નીકળ્યા, અને તેમની તપાસ રાખતું કોઇ ન દેખાતું હોય એવી રીતે ત્યાં રહેવાનું તેઓએ બહુ મઝેનું ધાર્યું.

---

(૧૯) તેણે તે પહેલું કર્યું—ભાગ ૨.

૧. કાળું ઘેટું જે પહેલું હતું તે થોડીવારમાં એક ઊંડા ખાડાની કોરપર આવ્યું. તેણે મોટો કુદકો માર્યો, અને અંદર કુદ્યું.

૨. સફેદ ઘેટું વિચાર કરવા થોભ્યું નહિ. તેણે મોટો કુદકો માર્યો, અને તે પણ અંદર કુદ્યું. તે છેક નીચે ધારવાળા મોટા પથરાના એક ઢગલાપર પડ્યું.

૩. તેને અને કાળા ઘેટાંને (તે બંનેને) ભારે ઇજા થઇ. તેઓ બહાર નીકળી શકયાં નહિ, અને ઘણું દુઃખ ભોગવતાં ત્યાં પડી રહેવું પડ્યું.

૪. થોડીવારમાં કેટલાક માણસો પાસે આવ્યા અને ખાડામાં તે ઘેટાંને જોયાં. તે માણસોએ તેમને બહાર કાઢયાં, અને તે ખેતર પર પાછા લઇ ગયા, અને તેમને (તે ઘેટાંઓને) માટે શું કરી શકાય તે વિચારવાને કોઇને તેડાવ્યું.

૫. ગાય ઘણો શોક કરતી આવી, અને જ્યારે તે સફેદ ઘેટું ઘાસપર પડી રહ્યું ત્યારે તે તેની બાજુએ ઉભી. તેની બધી કસુર હોવા છતાં તે ગાય તેને ચાહતી હતી.

૬. પોતાની આંખમાં આંસુ લાવીને ગાય મોટેથી બોલી, "અરે! પેલા કાળા ઘેટા સાથે તેં ખેતર શા માટે છોડયું ?"

૭. સફેદ ઘેટાએ ધીમા અવાજે કહ્યું, "તેણે તે પહેલું કયુ."

૮. "ત્યારે તે ઉભી જગા પરથી તું શા માટે નીચે કુદયું ? તે એક ખાડો હતો એ તું જોઇ શકયું નહિ ?"

૯. સફેદ ઘેટાએ કહ્યું, "હું (તે) જોવાને થોભ્યું નહિ. તેણે તે પહેલું કર્યું." પછી શોકાતુર અવાજે તેણે પુછવાનું જારી રાખ્યું, "કાળા ઘેટાને કેમ છે ? શું તે પણ અહીં છે ? જે માણસ અમને જોવા આવે છે તે શું ધારે છે ?"

૧૦. ગાયે કહ્યું, "હું કહેવાને દીલગીર છું કે કાળું ઘેટું મરી ગયું છે, અને તે માણસ ધારે છે કે તું પણ મરી જશે."

૧૧. સફેદ ઘેટાએ કહ્યું, "તેણે તે પહેલું કર્યું" અને તે શબ્દો બોલીને તે મરણ પામ્યું.

---

(૨૦) જૉન નિકલસન—ભાગ ૧.

૧. દિલ્હીના ઘેરા (વખત)ના વીર પુરૂષ જૉન નિકલસન કરતાં વધારે અથવા વધારે લાંબો વખત પહોંચે એવી કીર્તિ હિંદમાં કોઇપણ અંગ્રેજ સૈનિકે મેળવી નથી.

૨. તે ડબ્લિનમાં જન્મ્યો હતો, અને ૧૮૩૯માં જ્યારે તે અઢાર વર્ષનો થયો ત્યારે તે વાવટો ઉંચકનાર અમલદાર તરીકે હિંદુસ્તાન ગયો.

૩. ૧૮૪૭માં સર હેન્રિ લૉરેન્સને મદદ કરવા તે લાહોર ગયો. બીજે વરસે તેને કૅપ્ટન બનાવવામાં આવ્યો, અને તેણે પહેલા શીખ વિગ્રહમાં ભાગ લીધો.

૪. બીજા શીખ વિગ્રહ દરમ્યાન તેણે પોતાના સરદારોને બહુ મદદ આપી, અને તેની નોકરી બદલ તેને મેજર બનાવવામાં આવ્યો.

૫. સત્તા ચલાવવાની તેની શક્તિ સાથી ઉંચા પ્રકારની હતી. તેના અમલના છેલ્લા વરસમાં તેની હકુમતમાં આવેલા જીલ્લામાં ખુન કે ચોરીનો એક પણ ગુન્હો થયો નહોતો.

૬. "નિકુલ સેન" કે જે નામથી તેઓ તેને બોલાવતા તેના લોકોમાં વખાણ કરનાર ઘણા હતા. તેઓને તેને માટે કેટલું બધું માન હતું તે તેઓ તેને મળતાંની સાથે બતાવતા.

૭. જ્યારે બળવો ફાટયો, ત્યારે પંજાબમાં તે ફેલાતો અટકાવવાને કદાચ બીજા કોઇ કરતાં તેણે વધારે કર્યું.

૮. તે અહીં હતો, ત્યાં હતો, ને બધે ઠેકાણે હતો. પંજાબની લશ્કરી ટુકડીને મોખરે તેણે દિલ્હીપર કુચ કરી.

---

(૨૧) જૉન નિકલસન—ભાગ ૨.

૧. નિકલસને આણેલું લશ્કર નાનું હતું. પણ તે આવવાથી બળવાખોરોને શહેર ટકાવી રાખવાની જે ખાત્રી હતી તે ઘણી ઓછી થઇ.

૨. ઘેરા માટે જે અંગ્રેજ તોપો લાવવામાં આવતી હતી તે તોપો છાપો મારી લઇ લેવાને બળવાખોરોનું જે મોટું લશ્કર દિલ્હીથી નીકળ્યું હતું તેને તેણે હરાવ્યું. આ જીત માટે તેના ભારે વખાણ થયા.

૩. ત્રણ અઠવાડિયાં પછી દિલ્હીપર હુમલો થયો, અને હલ્લો કરનાર મુખ્ય ટુકડીની સરદારી માટે નિકલસનને પસંદ કરવામાં આવ્યો.

૪. દુશ્મનોને દીવાલપરથી-પાસેથી-હાંકી કાઢવામાં આવ્યા, અને નિકલસનની સરદારીવાળા લશ્કરે દીવાલો પર અને શહેરમાં બળજોરથી પોતાનો રસ્તો કર્યો.

૫. જે ઘરો મહોલ્લામાં હારબંધ આવેલા હતા તે ઘરોમાં ઘણા બળવાખોરોએ સહિસલામતી શોધી (તે ઘરોમાં સહિસલામત રીતે રહેવા ઘણા બળવાખોરો ગયા). તે ઘરમાંના એકની બારીએથી એક સિપાઇએ નિકલસનની છાતીમાં ગોળી મારી.

૬. જ્યાંસુધી શહેર પડયું-તાબે થયું-ત્યાંસુધી છાવણીપર પોતાને પાછા લઇ જવાનું તેણે ઇચ્છયું નહિ. છ દિવસ મોડા ૨૦ મી સપ્ટેમ્બર સુધી આ બન્યું નહિ.

૭. દિલ્હી પડ્યા પછી ત્રણ દિવસે સેનાપતિ મરણ પામ્યો. તેને માત્ર છત્રીસમું વરસ ચાલતું હતું. પણ તેના ગુણો એટલા બધા બહાર પડતા હતા કે તેના મરણથી અંગ્રેજ છાવણીમાં શોક વ્યાપી રહ્યો.

૮. ઉંચો અને મજબુત, અને ઘણો દેખાવડો, તે બહાદુર પુરૂષ હતો, અને જેઓ તેના પરિચયમાં આવતા તેમનો વિશ્વાસ તે મેળવતો. તે ખરેખર ભલો માણુસ હતો, અને લૉર્ડ રૉબર્ટસ (રૉબર્ટસ નામનો ઉમરાવ) લખે છે તેમ "પંજાબમાં તેનું નામ પવિત્ર નામ તરીકે ગણાતું."

(૨૨) રાજકુંવરી લૅબામ—ભાગ ૧.

૧. હિંદુસ્તાનનો એક જુવાન રાજકુમાર શિકાર કરવા માટે જંગલમાં ગયો. તાપ પડવા માંડયો, અને એક ઝાડના છાંયડામાં આરામ લેવાને તે પડયો-સુતો.

૨. તેની સાથે થોડી પુરી હતી, અને જ્યારે તે જાગ્યો ત્યારે તે પુરીઓ કીડીઓથી ઢંકાઇ ગઇ. તે નાની કીડીઓને બીક લાગી, પણ રાજકુંવરે મ્હોં મલકાવ્યું, અને તેમને કહ્યું, "બીશો નહિ. તમને ભાવે તો તમે તે પુરીઓ ખાઓ."

૩. જ્યારે તે ઉંઘમાં હતો, ત્યારે તે કીડીઓનો રાજા તેના કાન પાસે લપાતો લપાતો આવ્યો, અને કહ્યું, "અમે તમારે માટે કરી શકીએ એવું કંઇ છે?" રાજકુંવરે કહ્યું, "ના, કંઇ નથી."

૪. કીડીઓના રાજાએ કહ્યું, "તમે સ્ત્રી મેળવવાને-પરણવાને-ઇચ્છતા નથી? અરે! તમે રાજકુંવરી લૅબ્રામ જોઇ નથી. તેને જોયા પછી તેને છોડી ચાલ્યા જવાનું તમે કદી ઇચ્છશો નહિ."

૫. જ્યારે રાજકુંવર જાગ્યો ત્યારે જે દેશમાં તે રાજકુંવરી રહેતી હતી તે દેશમાં પોતે આવે-પહોંચે-ત્યાંસુધી આગળ જવાનો તેણે નિશ્ચય કર્યો.

૬. આખરે તે એક ખાબોચીયા આગળ આવ્યો, અને તે ખાબોચીયાની બાજુમાં એક ઘણો મોટો વાઘ ઉભો હતો જે જાણે પોતાને બહુ દરદ થતું હોય તેમ વિલાપ કરતો હતો.

૭. તે રાજકુંવર પોતાના ઘોડા પરથી નીચે ઉતર્યો, અને શી ખામી હતી-શાથી દરદ થતું હતું-તે જોઇને સુજેલા પંજામાંથી કાંટો ખેંચી કાઢયો. પછી ફરીથી તે પોતાના ઘોડાપર બેઠો.

૮. સવાર થઇને ચાલી જતા પહેલાં તેણે જે વાઘ તેની આસ-પાસ કુદતો હતો તેને પૂછયું, "રાજકુંવરી લૅબ્રામના દેશની ભૂમિના રસ્તાની તને ખબર છે?"

૯. વાઘે કહ્યું, "ઘણાં જંગલો, રણો અને પહોળી નદીઓને પેલે પાર તે ઘણે દૂર છે. પણ પાસેના જંગલમાં એક પવિત્ર માણસ છે કે જેની પાસે એક (એવી) જાદુઇ તળાઇ છે જે તમે જ્યાં જ્યાં જવા ઇચ્છતા હો ત્યાં ત્યાં તમને લઇ જાય, (જેની પાસે) એક ટોપલી છે જે તમે જે જે માગો તે આપે, અને (જેની પાસે) એક પથ્થરનું પ્યાલું છે કે જે તમને જોઇએ તેટલી વાર પાણીથી ભરાય."

---

(૨૩) રાજકુંવરી લૅબ્રામ—ભાગ ૨.

૧. પોતાની એક બાજુએ પોતાની પથારી રાખીને અને બીજી બાજુએ પોતાની ટોપલી અને પ્યાલું રાખીને, એક ઝાડના મૂળ આગળ બેઠેલા પેલા પવિત્ર માણસને તે રાજકુંવરે જોયો.

૨. તે વૃદ્ધ માણુસે તેને કહ્યું, 'કુંવરી લૅબામની તું શા માટે શોધ કરે છે? રાજકુંવરે કહ્યું, "મારા સાંભળવામાં આવે છે કે તે બહુ ખુબસુરત છે, અને તેને પરણુવાનું હું ઇચ્છું છું."

૩. પછી તે ભલા વૃદ્ધ માણુસે કહ્યું, "હું તને તે તળાઇ, ટોપલી અને પ્યાલું ઉછીનાં આપીશ, અને જ્યાંસુધી તું પાછો આવે ત્યાંસુધી હું તારા ઘોડાની સંભળ લઇશ."

૪. તે ટોપલી અને પ્યાલું ઉંચકી લઇને રાજકુંવર તે તળાઈપર પડયો અને કહ્યું, "હે તળાઇ, રાજકુંવરી લૅબામની ભૂમિમાં–દેશમાં–તું મને લઇ જા."

૫. જ્યારે તે ત્યાં પહોંચ્યો, ત્યારે તે રાતે તેના ઘરમાં પોતાને રહેવા દેવા તેણે એક વૃદ્ધ બાઇને વિનંતી કરી. તે બાઇએ કહ્યું, "વારૂ, આજ રાત તમે અહીં રહેજો, પણ સવારે તમારે ચાલ્યા જવું જોઇએ, નહિ તો હું મુશ્કેલીમાં આવી જઇશ."

૬. પછી રાજકુંવરે પોતાનો હાથ તે ટોપલી પર મૂકયો અને કહ્યું, "હે ટોપલી, બે જણુને ચાલે એટલું સારૂં ભોજન મને જોઇએ છે." સોનાની રકાબીઓમાં–થાળીઓમાં–મિષ્ટાન્ન ઝટ પીરસવામાં આવ્યું, અને કેટલીક રકાબીઓની બાજુમાં સોનાના ચમચા હતા.

૭. તે વૃદ્ધ બાઇએ કહ્યું, "દીવા કરવાની જરૂર નથી. રાજકુંવરી લૅબામ પોતાના મહેલના છાપરાપર બેસે છે, અને તેના સૌંદર્યથી આખો દેશ પ્રકાશિત બને છે."

૮. જ્યાંસુધી રાજકુંવરી પોતાના ઓરડામાં ગઇ ત્યાં સુધી રાહ જોયા પછી તે રાજકુંવરે કહ્યું, "હે તળાઇ, રાજકુંવરી લૅબામના સુવાના ઓરડામાં તું મને લઇ જા એમ હું ઇચ્છું છું." તેજ વખતે તેણે રાજકુંવરીની આંગળી માટે પોતાને એક વીંટી લાવી આપવા ટોપલીને કહ્યું.

૯. જ્યારે રાજકુંવરીની આંગળીપર પોતે તે વીંટી સરકાવતો હતો, ત્યારે તે રાજકુંવરી જાગી. પહેલાં તો તે બ્હી ગઇ, પણ છેવટે, જો તેના પિતા તેને રજા આપે તો, તેણે રાજકુંવર સાથે લગ્ન કરવાનું કબુલ કર્યું.

---

(૨૪) રાજકુંવરી લેબામ-ભાગ ૩.

૧. સવારમાં તે કુંવરીના પિતા, રાજાએ કહ્યું, "અહીં એંસી રતલ રાઇના બી-દાણા-છે. જા અને તે છુંદીને તેમાંથી બધું તેલ કાઢ, અને કાલે સવારે તે મારી પાસે લાવ. જો તું આમ કરવામાં નિષ્ફળ જશે-એ તું આમ નહિ કરી શકે-તો તને મારી નાખવામાં આવશે."

૨. "અરે, તેમ કરવા માટે કીડીઓનાં એક લશ્કરની જરૂર પડશે!" એમ રાજકુંવરે વિચાર કર્યો, અને તેણે ઇચ્છયું, મારો મિત્ર જે કીડીઓનો રાજા છે તે અને તેના સોબતીઓ અહીં હોય. તેની ઇચ્છા થવાથી કીડીઓનો રાજા આવ્યો.

૩. તેણે કહ્યું, "પડી રહો ને સુઇ જાઓ. અમે તમારા માટે (તરફથી) બીયાં છુંદી નાખશું." સવારે રાજકુંવર તે છુંદેલાં બીયાંને મહેલપર લઇ ગયો.

૪. ત્યારે રાજાએ કહ્યું, "તું મારી દીકરી પરણી શકે તે પહેલાં મેં પકડયા છે તે બે રાક્ષસો તારે મારી નાખવા જોઇએ."

૫. વાઘ અને વાઘણે તે રાક્ષસોને મારી નાખ્યા. પણ રાજાએ હજી કહ્યું, "એક ચીજ બાકી છે. મારૂં જે નગારૂં ઉંચે આકાશમાં છે તે તારે વગાડવું જોઇએ."

૬. ત્યારે રાજકુંવરે પોતાની નાની તળાઇનો વિચાર કીધો. રાજકુંવરે કહ્યું, "હે નાની તળાઇ, રાજાનું નગારૂં ઉંચે આકાશમાં છે. અને તેની પાસે લઇ જા."

૭. તળાઇએ તેમ કર્યું, અને રાજકુંવરે તે નગારૂં એટલે મોટેથી –એટલા જોરથી–વગાડયું, કે રાજા અને તેની બધી પ્રજાએ તે અવાજ સાંભળ્યો.

૮. જ્યારે તે નીચે આવ્યો ત્યારે રાજાએ કહ્યું, "હવે તું મારી દીકરી પરણી શકશે. તેથી તે રાજકુંવર અને રાજકુંવરી લૅબામનાં લગ્ન કરવામાં આવ્યા, અને થોડા દિવસ પછી તેઓ તે રાજકુંવરને દેશ પાછા ગયા, અને ત્યાં તેઓ ત્યારપછી હમેશાં આનંદથી રહ્યા. અને તેઓના સુખમાં (તેઓ સુખી હતા ત્યારે) જેઓએ રાજકુમારને તેના સાહસોમાં ઘણી ખુશીથી મદદ કરી હતી તેમને તેઓ ભુલી ગયા નહિ.

(૨૫) પતંગિયાં.

૧ અબ્દુલે તેના બાપને કહ્યું, "અરે, આ પાંદડા પરની પેલી નાની પીળી ચીજો તરફ જુઓ !" તેના બાપે કહ્યું, "અબ્દુલ, તે પતંગિયાના ઈંડા છે." તેને એક પેટીમાં મૂક અને તેને તપાસતો રહેજે.

૨. થોડા દિવસ પછી બધાં નાનાં ઈંડાં ફાટયાં હતાં, અને સંખ્યાબંધ નાના કીડા આમતેમ પેટે ચાલતા હતા. અબ્દુલે તેમને થોડા અઠવાડિયાં સુધી ખવડાવ્યું, અને પછી એક રમુજી બાબત બની. તે કીડાઓમાંના એકની ચામડી ઉતરી ગઇ અને તેની તળેની સુંવાળી (નરમ) નવી ચામડી દેખાઇ. એક દિવસ અબ્દુલે પોતાની પેટીને મથાળે પોતાનાં લાડકાં પ્રાણીઓમાંના ત્રણ જોયાં. આ વખતે તેઓએ પોતાની પુંછડીવડે પોતાની જાતને (પોતાના શરીરને) ચોંટાડી હતી, અને એક ઘણો સુંદર રેશમી પટો જે તેમના શરીરની ફરતો હતો તે પટા વડે પોતાનાં શરીર બાંધ્યાં હતાં.

૩ એક સવારે, જ્યારે અબ્દુલ તે પેટીમાં જોતો હતો, ત્યારે તેમાંના એકની કઠણ ચામડી ફાટવા લાગી, અને બહુ રમુજ પમાડે એવું પ્રાણી ચાલીને બહાર આવ્યું. તે ચાલીને અબ્દુલની આંગળીપર

ગયું અને તેણે તે લીધું અને તેના બાપને બતાવ્યું. તેણે અબદુલને કહ્યું, 'તે પતંગિયું છે."

૪ અબદુલ બોલી ઉઠયો, "પતંગિયું! પતંગિયાના પ્રમાણમાં તેને ઘણી નાની પાંખો છો!" "હા, તેને તેમ છે; પણ તેને થોડો વખત આરામ લેવા દે, અને તપાસજે, અને તને બીજો ફેરફાર માલમ પડશે."

૫. પછી અબદુલ તે વિચિત્ર પ્રાણીને બાગમાં લઇ ગયો, અને તેને એક ઝાડના થડપર મૂકયું. પોતાની નાની પાંખો નીચે લટકતી રાખીને તેણે ત્યાં આરામ લીધો. જ્યારે તે તેને તપાસતો હતો ત્યારે તેણે પેલી પાંખોને વળી જતી અને હંમેશાના કરતાં ખરાબ દેખાતી જોઇ.

૬. હજીપણ તેણે તેને નિહાળવાનું જારી રાખ્યું, અને પોતાના બાગમાં તેણે જે પતંગિયું જોયું હતું તેની પાંખો જેટલી મોટી, જ્યાં સુધી પેલી પાંખો (પેલા પ્રાણીની પાંખો) થઇ નહિ, ત્યાંસુધી તેણે તે પાંખોને વધારે ને વધારે મોટી થતી જોઇ. હજી પણ તે બહુ નરમ હતી, અને જ્યારે પતંગિયું હાલચાલ કરતું ત્યારે તે વળી જોતી.

૭. છેલ્લી વખત જ્યારે અબદુલે પોતાના પતંગિયા તરફ જોયું ત્યારે તેણે તેને પોતાના હાથમાં લીધું. તેને માલમ પડયું કે પાંખો અક્કડ અને સુકી બની હતી. છેવટે તે પુરેપુરૂં વધેલું (પુખ્ત ઉમરનું) પતંગીયું (બન્યું) હતું, અને જ્યારે અબદુલ તેના તરફ જોતો હતો, ત્યારે તેણે પોતાની સુંદર પાંખો ફેલાવી અને ઉડી જવાને કોશિશ કરી, પણ અબદુલે તેને પકડયું.

૮. તે તેને પોતાના બાપ પાસે લઇ ગયો, અને જ્યારે તેણે (અબદુલે) તે તેને (પોતાના બાપને) બતાવવાને હાથ ઉઘાડયા, ત્યારે તેણે પોતાના હાથપર થોડો સફેદ ભુકો જોયો, અને તે શું હતું તે પૂછ્યું.

૯. તેના બાપે કહ્યું, "પતંગિયાની પાંખો કે જે ભીંગડાંથી તદ્દન ઢંકાયલી હોય છે તે પાંખોપરના ઘણા નાના ભીંગડાંનો તે ભૂકો અનેલો છે."

૧૦. પછી તેણે તે પતંગિયાની મોટી લીલી આંખો તરફ જોવા અબ્દુલને કહ્યું. પછીથી જે લાંબી પાતળી નળી વડે તે (પતંગિયું) ફૂલો પરથી મીઠો રસ ચુસે છે તે નળી તેણે તેને (અબ્દુલને) બતાવી.

૧૧. અબ્દુલે કહ્યું, "બાપા, તેને ફક્ત છ પગ છે, અને કીડાને સોળ પગ હતા. બીજા પગ ક્યાં છે?"

૧૨. તેના બાપે કહ્યું, "મારા દીકરા, કીડાને ફક્ત છ પગ હોય છે. બીજા જે દસ પગ વિષે તું બોલે છે તે ખરા પગ નહોતા. તેઓ (તે પગ) કેટલીક વાર વળગી રહેનારા કહેવાય છે."

૧૩. પછી અબ્દુલે તે પતંગિયાને છૂટું મૂક્યું, અને તે ઉડી ગયું. થોડા દિવસમાં તેના બધાં લાડકાં પ્રાણીઓ પતંગિયાં બન્યાં હતાં.

---

(૨૬) વાઘ.

૧. દુનિયામાં મ ા પડતા પ્રાણીઓમાં વાઘ સૌથી ક્રૂર છે, અને એમ છતાં જે શાંત નમ્ર બિલાડી આપણા ઘરોમાં રહે છે તેનીજ જાતનો તે છે. સિંહો અને ચિત્તાઓ પણ બિલાડીની જાતના છે.

૨. આ બધાં પ્રાણીઓ માંસ ખાઇને જીવે છે. તેઓ પોતાના શિકારને માટે ચુપકીથી તપાસ રાખે છે, અને પછી ઓચિંતો કુદકો મારીને તેઓ એક ક્ષણમાં તેને પકડે છે.

૩. બિલાડી કેવી શાંતપણે ચાલે છે અને આપણા ઘરની આસપાસ ડોકીયાં કરે છે તે આપણે બધાએ જોયું છે. એક બિચારા ઉંદર પર ઓચિંતી તરાપ મારતી અને તેને મારી નાખતી આપણે તેને જોઇ છે.

૪. વાઘો એમજ કરે છે. બિલાડીના પગની માફક તેમના પગ તળીયેથી ગાદીવાળા હોય છે, કે જેથી કરીને તેઓ ધીમેથી અને કંઈ પણ અવાજ કર્યા વગર ચાલી શકે.

૫. વાઘોને મુછના થોભીયા પણ હોય છે, અને આ થોભીયા તેમને પોતાનો રસ્તો શોધવામાં મદદ કરે છે.

૬. બિલાડીને કેવી ખરબચડી જીવ હોય છે એ તમે કદી જોયું છે ! વાઘની જીભ બિલાડીની જીભના જેવી હોય છે, પણ તે ઘણી વધારે ખરબચડી હોય છે. તે એટલી બધી ખરબચડી હોય છે, કે જો તે તમારો હાથ ચાટે તો તે તેને (તમારા હાથને) લોહી લોહાણ કરે. વાઘને પોતાની ખરબચડી જીભ હાડકાં સાફ કરવા માટે ઘણી ઉપયોગી છે.

૭. જો વાઘે એકવાર લોહી ચાખ્યું હોય છે તો તે વધારે માગે છે.

૮. પોતાનો જે માલીક ઉંઘતો હતો તેનો એક વખત હાથ ચાટતા એક પાળેલા નાના વાઘ વિષે એક વાત કહેવાય છે. જેમ બિલાડી પોતાના માલીક તરફ પ્રેમ બતાવવાને ઇચ્છે છે, તેમ તે વાઘે પોતાના માલીક તરફ પ્રેમ બતાવવા ઇચ્છયું. તેની ખરબચડી જીભે લોહી કાઢયું, અને દરદથી તે વાઘનો માલીક જાગી ઉઠયો.

૯. તેણે પોતાનો હાથ ખેંચી લેવા યત્ન કર્યો, પણ ધીમા ગુસ્સા ભરેલા ઘુરકીયા પરથી તેને પોતાની જીંદગી ભયમાં છે એમ જણાયું. વાઘે લોહી ચાખ્યું હતું અને તે હવે પાળેલો વાઘ નહોતો, અને તે વધારે લોહી માગતો હતો.

૧૦. તેનો માલીક વાઘનો સ્વભાવ જાણતો હતો. તે હમેશાં તૈયાર રહેતો. પોતાના બીજા હાથવડે તેણે ઓશીકા નીચેથી એક પીસ્તોલ ચુપચુપ કાઢી, અને તે પ્રાણીને ગોળી મારી મારી નાખ્યું.

૧૧. વાઘનો રંગ ઝાંખો પીળાશ પડતો બદામી હોય છે, અને તેને સુંદર કાળા ચટાપટા કે લીટા હોય છે કે જે લગભગ તેના શરીરે ફરતા આવેલા હોય છે. આ પટાઓ પુંછડીપર વીંટી જેવા આકારના હોય છે. શરીરના નીચેના ભાગો અને પગની અંદરની બાજુઓ ઘણું ખઈ સફેદ હોય છે.

૧૨. વાઘને કેશવાળી હોતી નથી, અને તેનું શરીર સિંહના શરીર જેટલું છેક ઉચું અને તેટલું જાડું હોતું નથી. તેનું માથું પણ સિંહના માથા કરતાં ટુંકું હોય છે અને વધારે ગોળ (આકારનું) હોય છે.

કવિતાઓ

(૧) નાનું પ   શું કહે છે?

૧. પરોઢિયું થાય ત્યારે નાનું પક્ષી પોતાના માળામાં શું કહે છે? નાનું પક્ષી કહે છે, "મને ઉડી જવા દે, મા, મને ઉડી જવાની રજા આપ." (મા કહે છે) "નાનાં પક્ષી, જ્યાંસુધી (તારી) નાની પાંખો વધારે જોરાવર થાય ત્યાંસુધી સ્હેજ વધારે વાર આરામ લે." તેથી તે થોડી વધારે વાર આરામ લે છે. પછી તે ઉડી જાય છે.

૨. વહાણું વાય (પરોઢિયું થાય) ત્યારે નાનું બાળક પોતાની પથારીમાં શું કહે છે? નાનાં પક્ષીની માફક બાળક કહે છે, "મને ઉઠવા દે ને ઉડી જવા—દોડી જવા—દે." (મા કહે છે) "બાળક, જ્યાંસુધી (તારા) નાના અવયવો વધારે મજબૂત થાય ત્યાંસુધી જરા વધારેવાર ઉંઘ. જો બાળક થોડી વધારેવાર ઉં   પણ જરૂર ઉડી જશે—દોડી જશે.

(૨) અપ્સરાઓનું ગાન-ગાયન.

ચંદ્રમાની પાસે અમે રમત ગમત કરીએ છીએ. જ્યારે રાત પડે ત્યારે અમારો દિવસ શરૂ થાય છે. જ્યારે અમે નાચ કરીએ છીએ ત્યારે ઝાકળ પડે છે. (અમે) બધી નાની અપ્સરાઓ નાચીએ કુદીએ છીએ. બબ્બે અને ત્રણ ત્રણના જોડકામાં પાંખવાળા ભમરાની માફક અમે ધામેથી આમતેમ જઇએ છીએ અને આમતેમ જઇએ-ફરીએ-છીએ.

(૩) પ્રજાનું બળ.

૧. સોનું નહિ, પણ માણુસોજ—માણુસો કે જે સત્ય અને સ્વમાનની ખાતર દૃઢતાથી ઉભા રહે છે અને લાંબા વખત સુધી (દુ:ખો) સહન કરે છે તે—કોઇપણ પ્રજાને મહાન અને બળવાન બનાવી શકે છે.

૨. જ્યારે બીજાઓ ઉંઘતા હોય ત્યારે જે બહાદુર પુરૂષો કામ કરે છે, જ્યારે બીજાઓ નાસી જાય ત્યારે જેઓ હામ ભીડે છે—તેઓ કોઇપણ પ્રજાના થાંભલા ઉંડા નાખે છે, અને તેમને આકાશ સુધી ઉંચે લઇ જાય છે (તેઓ કોઇપણ પ્રજાને સંગીન પાયાપર મૂકે છે, અને તેની કીર્તિ બધે ફેલાવે છે).

(૪) વરસાદ.

૧. જ્યારે વરસાદ વાદળાવાળા આકાશમાંથી પડે છે ત્યારે તે શું કહે છે તે તમે સાંભળો છો? તે એક ગાયન ગાય છે અને એક વાર્તા કહે છે. તમે જો યત્ન કરો તો તમે તે સાંભળી શકો.

૨. "તરસ્યા ફૂલોને માટે, (તાપથી) સેકાઇ ગયેલી અને સુકી બનેલી જમીનને માટે હું ટીપાં લાવું છું. જ્યારે હું વાદળાવાળા આકાશમાંથી ઉડું છું-જતો રહું છું-ત્યારે હું નદીઓ, નાળાં અને સમુદ્રને ખવડાવું છુ-પાણી પુરૂં પાડું છું.

૩. "રસ્તાઓ અને મહોલ્લા હું ધોઇને તદ્દન સાફ કરૂં છું, વળી તમારે સવારે નહાવા સારૂ હું તળાવો ને ટાંકીઓ ભરૂં છું-તેથી તમે બહુજ સારી રીતે જુઓ છો કે મારે પુષ્કળ કામ કરવાનું છે.

૪. "તેથી જ્યારે વરસાદ પડે અને તમે બહાર જઇ શકો નહિ, અને બબડવા માંડો ત્યારે-વિચાર કરો! કે વરસાદ ભલું કરે છે, અને તે માત્ર એટલા માટે પડે છે કે ફૂલો અને તમે (તે પાણી) પીઓ."

(૫) હું શા માટે જીવું છું.

જેઓ મને ચાહે છે તેમને માટે, જેઓનાં હૃદય દયાળુ અને સાચા છે તેમને માટે, મારા ઉપર ઉંચે જે સ્વર્ગ હસે છે-પ્રકાશે છે-અને વળી મારા આત્માની રાહ જુએ છે તે સ્વર્ગને માટે, મનુષ્યો સાથેના જે સંબંધોથી હું બંધાયો છું તે બધા સંબંધો માટે, ઇશ્વરે મને સોંપેલ કામ માટે, મારી પછવાડે મૂકેલી (મારે માટે બાંધેલી) મોટી આશાઓ માટે, અને જે ભલું હું કરી શકું તે માટે, હું જીવું છું.

(૬) "હું યત્ન કરીશ" અને "હું (કરી) શકીશ નહિ."

૧. જે નાનો છોકરો કહે છે કે "હું યત્ન કરીશ" તે નાનો છોકરો ટેકરીની ટોચપર ચઢશે. જે નાનો છોકરો કહે છે કે "હું (કરી) શકીશ નહિ" તે છોકરો તળેટીએ અટકશે.

૨. "હું યત્ન કરીશ" એમ કહેનાર દરરોજ મહાન કામો કરે છે. 'હું (કરી) શકીશ નહિ" એમ કહેનારથી કંઇ થતું નથી. ત્યારે "હું યત્ન

કરીશ" એમ તમે ખચિત કહેજો, અને "હું (કરી) શકીશ નહિ" એ શબ્દોને એકલા રહેવા દો–"હું (કરી) શકીશ નહિ"એવા શબ્દો બોલો નહિ.

(૭) ઇશ્વરે તેમને બધાંને બનાવ્યાં.

૧. બધી પ્રકાશિત અને સુંદર ચીજો, નાનાં અને મોટાં બધાં જીવો, ડહાપણભરેલી અને આશ્ચર્ય પમાડે તેવી બધી ચીજો, ભલા ઇશ્વરે તે બધાંને બનાવ્યાં.

૨. જે નાનું ફૂલ ઉઘડે છે તે દરેક, જે નાનું પક્ષી ગાય છે તે દરેક, તેમના ચળકતા રંગો તેણે બનાવ્યા, તેમની નાની પાંખો તેણે બનાવી.

૩. જાંબુડા રંગના શિખરવાળો પર્વત, વહેતી નદી, સવાર અને સૂર્યાસ્ત (સૂર્યોદય અને સૂર્યાસ્ત) જે આકાશને અજવાળું આપે છે,

૪. જંગલમાંનાં મોટાં ઝાડ, ઉનાળાનો આનંદ આપે તેવો સૂર્ય, બગીચામાંનાં પાકાં ફળો, એ દરેકને તેણે બનાવ્યાં.

૫. તેમને જોવાને તેણે આપણને આંખો આપી, અને તેણે આપણને હોઠ આપ્યા (મ્હોં આપ્યું) કે જેથી જે સર્વશક્તિમાન પ્રભુએ બધી ચીજો સારી બનાવી છે તે પ્રભુ કેટલો મોટો છે તે આપણે કહીએ–કહી શકીએ.

(૮) પ્રભુ, રાજાને બચાવ (રાજાનું રક્ષણ કર.)

૧. હે પ્રભુ, તું અમારા કૃપાળુ રાજાનું રક્ષણ કર; અમારા ઉદાર મનના રાજા ઘણું જીવો; પ્રભુ, રાજાનું રક્ષણ કર! અમારાપર લાંબો વખત રાજ્ય કરવાને તું એમને ફતેહમંદ, સુખી અને કીર્તિવાન (બનાવીને) મોકલ: પ્રભુ, રાજાનું રક્ષણ કર!

૨. તારા ભંડારમાંની ઉત્તમ ચીજો તેને છૂટથી આપવાની તું મહેરબાની કર; તે લાંબો વખત રાજ્ય કરો; તે અમારા કાયદાનું રક્ષણ કરો, ને તે એવી સારી રીતે રાજ્ય કરો કે "પ્રભુ, રાજાનું રક્ષણ કર" એમ ખરા મનથી તેમજ વચનથી હંમેશાં ગાવાનું અમને કારણ મળે.

સમાપ્ત.

નોટીસ

આથી સર્વેને ખબર આપવામાં આવે છે કે નીચે લખેલી ચોપડીઓ સુરત નાણાવટ મધ્યે મી. કરસનદાસ નારણદાસ બુકસેલરની દુકાનેથી મળશે.

Published by–Balubhai Karsandas Narandas
Book-seller, Nanavat—SURAT.

Printed by–Narayanrao Laxmanrao Nikum at the
SHANKER P. PRESS, Chawta Bridge–SURAT.